April 2021 PRABHAT EDUCATION FOUNDATION Issue No. 17

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના સ્પેશિયલ નીડ બાળકો સાથે કામ કરે છે. પ્રભાત બાળકો અને પુખ્ત વયે માનસિક અને શારીરિક પડકારોની સેવા કરે છે, તેમની સંપૂર્ણ સંભાવના પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:-પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન, એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે કામ શરૂ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશેષ જરૂરિયાતો ધરાવતા 3000 થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

### અનુભવો..

હેલ્લો વાંચકો, હું ફરીથી આવી મારા એક નાના 8 વર્ષના મિત્ર અને વિદ્યાર્થી  અન્સારી અયાન ફ્યાજઅહેમદ સાથેના મારા અનુભવ લઈને. આ એ બાળક છે કે તે જયારે પહેલીવાર સંસ્થાના વટવા સેન્ટર પર આવ્યું ત્યારે તેના મમ્મીને ડર હતો કે તે ક્લાસમાંથી બહાર ક્યાંક ભાગી જશે. અયાન સંસ્થામાં પ્રિ-પ્રાયમરી ક્લાસમાં એડ્મીસન લઈને આવ્યો હતો. અયાનનું એડ્મીસન થયા પછી મેં એસેસમેન્ટ કર્યું અને જાણવા મળ્યું કે તેને બિહેવીયર પ્રોબ્લેમ છે, અને માઈલ્ડ  M.R છે. પણ તેની સ્પીચની ગ્રીપ સારી છે.

અયાન જેમ-જેમ સેન્ટરમાં રેગ્યુલર આવતો થયો, સંસ્થાના શિક્ષકોની સાથે તેની ઘનિષ્ટતા વધતી ગઈ અને તેની સાથે વાતો કરવાથી મને ખ્યાલ આવ્યો કે બાળકના વર્તનની પાછળ તેના ઘરનું વાતાવરણ અને આજુબાજુની પરિસ્થિતિ કારણભૂત છે. બાળક સાથે જયારે હું વાત કરતી ત્યારે મને જાણવા મળ્યું કે તેની વાતોમાં હંમેશા બીજાને ઈજા પહોંચાડવાની વાત અને તેમાંથી મળતી ખુશીની નોંધ લેવાઈ. એકવાર અયાન મને કહે," ટીચર મેં રસ્તે મેં બડા ગડ્ડા કરતા હું, ઔર સબ લોગ ઉસમેં ગીર જાયેંગે તો મઝા આયેગા". હું આ સાંભળીને તેને સમજવા લાગી. તેની સાથે શિક્ષકના લાગણી અને હૂંફભર્યા સંબંધોના વિકાસના કારણે સમય જતા તેની ખરાબ વર્તનની દિશાથી સારા વર્તનની દિશા તરફ લઈ જવાનો પ્રયત્ન શરુ કર્યો. આમ છતાં મંજિલ ઘણી દૂર હતી.

અયાન સાથે સંસ્થાના શિક્ષકો દવારા નવો રસ્તો અપનાવવામાં આવ્યો. સંસ્થા દ્વારા બાળકમાં બિહેવીયર મોડીફીકેશન લાવવાનું હતું. જેમાં હું પોતે જે પણ કામ કરું, તેમાં બાળક મને મદદ કરશે. જેમ કે ક્લાસરૂમમાં T.L.M ની જાળવણી કરવી, છોડને પાણી પીવડાવવું, લાઈટ-પંખા બંધ કરવા, નાના બાળકોનું ધ્યાન રાખવું. આમ દરેક કાર્યમાં અયાન મને ફોલો કરતો ગયો. આના પછી અયાનને ધીમે-ધીમે અમે એકેડેમીક પ્રવૃત્તિ તરફ લઈ ગયા. પોતાની સ્પીચ ક્લિયર હોવાથી પોતાનું નામ, એડ્રેસ અને ફોન નંબર બોલતા શીખી ગયો. એકેડેમીક પછી તેનામાં પ્રિ-રાઈટિંગ સ્કિલ પણ ડેવલપ કરવામાં આવી.

અયાનની એકેડેમીક સ્કિલ અને રાઈટિંગ સ્કિલ ડેવેલપ થયા પછી સંસ્થા દવારા તેને મેઈનસ્ટ્રીમ એટલે સામાન્ય બાળકની શાળામાં ભણવા મુકવામાં આવ્યો. સરસ્વતી વિદ્યામંદિર વટવામાં તેનું એડ્મીસન કરાવવામાં આવ્યું. અયાનના માતા-પિતાની પહેલાથી ઈચ્છા  હતી કે અમારું બાળક નોર્મલ શાળામાં જાય. પોતાના બાળકને નોર્મલ શાળામાં જતો જોઈ તેઓ ખુબ ખુશ થયા અને સંસ્થાનો આભાર માનવા લાગ્યા. બાળક હવે પોતાની ગલીના મિત્રો સાથે રોજ સ્કૂલમાં જાય છે. હજી પણ ઘણીવાર અયાન પોતાની માતા સાથે અમને મળવા સેન્ટર પર આવે છે. કોરોનાકાળમાં જયારે સ્કૂલો બંધ થઈ ત્યારે અયાનને મેં ઓનલાઈન શિક્ષણ આપવાનું શરુ કર્યું. તેનાથી તેના શૈક્ષણિકકાર્યમાં અટકાવત ન આવે. તેના ભવિષ્યને જોઈને તેના માતા-પિતા, સંસ્થા અને હું ખુશીનો અનુભવ કરું છું. એક શિક્ષક તરીકે હું ગર્વ અનુભવું છું કે મારા વિદ્યાર્થીનું ભવિષ્ય ઉજ્વળ બને!



BY: - Kashmira Upadhyay
Special Educator

**લીડર સ્ટોરી**

"સામાન્ય માણસ ન કરી શકે, પરંતુ હું કરી શકું." આવી વિચારકતા ધરાવતા રાણા ભીખાભાઈ માણેકલાલ પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થામાં એક સક્રિય સહાયક તરીકેની ફરજ નિભાવે છે. પોતે અસ્થિ-વિષયક દિવ્યાંગતા ધરાવતા હોવાથી પોતાના પગે ચાલવામાં સક્ષમ નથી, અને તેમની આ દિવ્યાંગતાના લીધે તેમના લગ્ન પણ થઈ શક્યા નથી. તેમના ઉત્સાહ અને જોશને જોઈને કોઈ એમને દિવ્યાંગ કહી જ ના શકે. પોતાના ભાઈ-ભાભીની સહાયતાથી પોતાની રોજંદી ક્રિયાઓ કરે છે.

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દિવ્યાંગ બાળકો/વ્યક્તિઓને સરકારી સહાય પૂરી પાડે છે ત્યારે સંસ્થાના લાંબા સમયના કાર્યરત સહાયક રાણા ભીખાભાઈના ગુજરાન અંગેની ચિંતા વ્યક્ત કરતા સંસ્થા તરફથી તેઓને એક ગલ્લો આપવામાં આવ્યો છે. જેમાં નાસ્તાના પેકેટ્સ, બિસ્કિટ, ગુટકા, મસાલા જેવી વસ્તુઓ રાખી વેચાણ કરી જેમાંથી જે કઈ મળે તેમાંથી એમનું ગુજરાન ચાલી શકે. ભીખાભાઈને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાં માટે સંસ્થા તરફથી એક ટ્રાયસીકલ આપવામાં આવી છે. તેની મદદથી તેઓ પોતાના ઘરેથી ગલ્લા સુધીના રસ્તામાં સહેલાઈથી અવરજવર કરી શકે છે.

ભીખાભાઈ દિવ્યાંગ હોવા છતાં પણ તેઓ સંસ્થામાં પોતાનો અમૂલ્ય ફાળો આપવાનું ક્યારેય ચૂકતાં નથી. પોતાનાથી થાય તે બધા કાર્યમાં સંસ્થાને સહાય કરે છે. સંસ્થાના બધા જ કાર્યક્રમમાં તેમની ઉપસ્થિતી હોય જ છે. સંસ્થાને તેમના સાથ-સહકારથી લાંભા વિસ્તારમાં રહેતા દિવ્યાંગ બાળકો/વ્યક્તિઓ અંગેની જાણકારી મળતી અને તેઓ સુધી સરકારી-સહાય અંગેની જાણકારી પણ પહોંચાડવામાં આવે છે. સંસ્થા દવારા કરવામાં આવતા કાર્યક્રમ અંગે કોમ્યુનિટીમાં તેમના દવારા પ્રચાર કરવામાં આવતો. હાલમાં સંસ્થા દવારા મહિલા-અવેરનેસ પ્રોગ્રામ રાખવામાં આવ્યો તેમાં પણ તેઓ પોતાના વિસ્તારમાં રહેતી મહિલાઓને તેની જાણકારી આપીને લઈ આવ્યા હતા. આ રીતે તેઓ સંસ્થા અને કોમ્યુનિટી વચ્ચેની મહત્વની કડી બને છે.

ભીખાભાઈના જીવનમાંથી ઘણું બધું શીખવા જેવું છે. પોતે દિવ્યાંગ હોવા છતાં પોતાને એક સામાન્ય માણસ સમજી પોતાનાથી થાય તેટલી સેવા સમાજને આપે છે. સમાજના દિવ્યાંગ બાળકો/વ્યક્તિઓને મળતા વિવિધ સરકારી લાભો તથા સાધન-સહાય વિશે તેમના અવેરનેસ લાવવાનું તેમનું કાર્ય ખૂબ પ્રશનીય છે. તેમના દરેક કાર્ય માટે પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન આભાર માને છે!

BY: - Kishor Vaghela
Special Educator




https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA

https://www.facebook.com/Prabhateducationfoundation/

https://www.instagram.com/prabhat_education_foundation/

**મુબારક હો!**

"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબશુભેછા.



5th May, કિશોરભાઈ

મંથલી અપડેટ

**પ્રોડક્ટ ડિઝાઈન:-** N.I.D. અમદાવાદના 4 સ્ટુડન્ટ્સે પ્રભાત સંસ્થા સાથે પ્રોડક્ટ ડિઝાઈનના છેલ્લા વર્ષના પ્રોજેક્ટ માટે સંસ્થાના વટવા સેન્ટરની વિઝીટ કરી હતી. નંદિતા સહાએ(N.I.D ગાંધીનગર) સેરેબલ પાલ્સી દિવ્યાંગતા ધરાવતા બાળકો માટે ટોયલેટ ડિઝાઈન બનાવી હતી. તે પ્રોજેક્ટ જોઈને આ 4 સ્ટુડન્ટને ખૂબ રસ પડ્યો. તેઓએ તેણીના આઈડિયા પર વધુ વિકલપો શોધી નવા પ્રોટોટાઈપ્સ વિકસાવ્યા. પછી તે સ્ટુડન્ટ્સ દવારા તે ટોયલેટ ડિઝાઈનનો એક નમૂનો તૈયાર કરવામાં આવ્યો અને તેના પર સંસ્થાની ટીમ મેમ્બર્સના ફીડબેક લેવામાં આવ્યા. કોવિડની ખરાબ પરિસ્થિતિ ઓછી થયા બાદ આ પ્રોડક્ટની વધુ તપાસ કરવામાં આવશે અને જો પ્રોડક્ટ બાળકોના વપરાશ માટે સફળ થશે તો સંસ્થા તેના પર ધ્યાન આપશે.

**કોરોના થોડી મસ્તી થોડી પઢાઈ:-** લોકડાઉનમાં પ્રથમ સંસ્થાએ ચાલુ કરેલ ઓનલાઈન શિક્ષણ પ્રોગ્રામ, કે જેમાં પ્રભાત સંસ્થાના સ્કૂલ પ્રોગ્રામના બાળકો અને સેન્ટરના બાળકોએ ભાગ લીધો હતો. તે પોગ્રામમાં બાળકોન ઓનલાઈન શિક્ષણ આપવામાં આવતું. તે પ્રોગ્રામને લગતી ઓનલાઈન મીટિંગ કરવામાં આવી હતી. તે મીટીંગનો હેતુ ઓનલાઈન શિક્ષણને લગતા સંસ્થાના અનુભવો, કામગીરીની આપ-લે અને ભવિષ્ય માટેના પ્લાનિંગ અંગેનો હતો.

**સંયુક્ત પ્રાદેશિક કેન્દ્ર (C.R.C) દ્વારા મુલાકાત:-** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા શિક્ષણ, આરોગ્ય, રોજગાર વગેરે જેવા રિહાબિલેટેશનના નિવારક અને વિકાસશીલ પાસાં પ્રદાન કરવામાં આવે છે. લોકડાઉન પછીની સંસ્થાની કામગીરી અંગેની જાણકારી અને ભવિષ્યના પાસાંઓની તપાસ માટે C.R.C ભવન ઓઢવ દવારા પ્રભાત સંસ્થાની મુલાકાત લેવામાં આવી. સંસ્થા દવારા પોતાના ત્રણેય પ્રોગ્રામને લગતી કામગીરી, થેરાપી, કાઉન્સિલિંગના એક-એક સેશન રજુ કરવામાં આવ્યા હતા.

**નેટવર્કિંગ અને ભાગીદારી:-** આ મહિનામાં પણ અમદાવાદ યુનિવર્સિટી(A.U)ના ફર્સ્ટ ઈયરના વિદ્યાર્થીઓએ વિકાસના ક્ષેત્રમાં કામ કરવાનો અનુભવ લેવા માટે પ્રભાત સંસ્થા સાથે ભાગીદારી કરી. સંસ્થાના કાર્યનો મુખ્ય હેતુ એડવોકેસી રહ્યો છે. જેને ધ્યાનમાં રાખીને અમદાવાદ યુનિવર્સીટીના સ્ટુડન્ટ સાથે ઓનલાઈન મીટિંગ કરવામાં આવી. જેમાં સંસ્થાની કામગીરી, સંસ્થાના બધા પ્રોગ્રામ વિશેની માહિતી તથા વિકલાંગતા અંગેની જાણકારી આપવામાં આવી હતી. તે ઉપરાંત સ્ટુડન્ટને મૂંઝવતા પ્રશ્નો વિશેની ચર્ચા કરવામાં આવી. સ્ટુડન્ટને તક આપવામાં આવી કે તેઓ પ્રભાત સંસ્થા સાથે વોલિયન્ટર્સ તરીકે ફરજ બજાવી શકે. ડીસેબિલિટી એક્ટ,2016 પરથી આ વોલિયન્ટર્સ ટ્રેનિંગ અને લર્નિંગ મટીરીયલ બનાવે તે વિચાર પ્રભાત દવારા તેમને આપવામાં આવ્યો છે.

**સ્વાસ્થ્ય સુધારા તરફના પગલાં:-** ડિસેમ્બર-જાન્યુઆરીમાં પ્રભાતે "ઓ વુમનીયા" સંસ્થા સાથે ભાગીદારીમાં મહિલાઓ માટે માસિકસ્ત્રાવ(મેન્સ્ટ્રુએશન) અને તેની સ્વચ્છતા જેવા વિષય પર એક વર્કશોપનું આયોજન કર્યું હતું. તે વર્કશોપ પરથી મળેલા ફીડબેક અને પ્રશ્નોના નિવાકરણ માટે એક વર્ચ્યુઅલ વર્કશોપ યોજવામાં આવ્યો. વર્કશોપના મુખ્ય ટોપીક આ હતા કે વ્યક્તિગત સ્વચ્છતા કેવી રીતે જાળવી શકાય, શરીરના પ્રાઈવેટ અંગોની સ્વછતા કઈ રીતે રાખી શકાય, વિવિધ વય જૂથોની મહિલાઓને થતી સમસ્યાઓના મુદ્દાઓને કેવી રીતે ઓળખવું. આ સેશન સ્ત્રીઓ માટે ઘણું ઉપયોગી રહ્યું હતું. આમાંના મોટાભાગની સ્ત્રીઓ પાસે આ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે કોઈ હોતું નથી, અથવા કોઈ પ્લેટફોર્મ હોતું નથી. તે સ્ત્રીઓ જે સંસ્થા પર વિશ્વાસ કરે છે તેના દ્વારા આના જેવું પ્લેટફોર્મ તેમના માટે વાત કરવાનું સહેલું બનાવે છે.(અગાઉની તાલીમની વિગતો માટે, રોશની મેગેઝીન જાન્યુઆરી 2021નોસંદર્ભલો:)https://prabhateducationfoundation.org/wpcontent/uploads/2021/02/Roshni-Jan.-2021-issue-no.-14-gujarati.pdf

**ઓનલાઈન લર્નિંગ:-** ભારતભરમાં કોરોના કાળનો બીજો ફેઝ આવતા ખરાબ પરિસ્થિતિ સર્જાઈ છે. તેમાં ફરીથી સ્કૂલો, કોલેજો, સેન્ટરો બંધ કરાવવામાં આવ્યા છે. આ પરિસ્થતિમાં ફરીથી બાળકોના અભ્યાસ પર અટકાવત ન આવે તે ધ્યાનમાં રાખીને સંસ્થાએ પોતાના સ્કૂલ પ્રોગ્રામના બાળકો, મેઈનસ્ટ્રીમ બાળકો અને વોકેશનલ બાળકોનું એક વોટ્સઅપ ગ્રુપ બનાવી ઓનલાઈન લર્નિંગ આપવાનું નક્કી કર્યું છે. આ વોટ્સઅપ ગ્રૂપમાં બાળકોને દરરોજ અલગ-અલગ વિષય પર લર્નિંગ આપીને તેનું લગતું ગૃહકાર્ય આપવામાં આવે છે. ઓનલાઈન લર્નિંગમાં ગણિતના સરવાળા, ગુણાકાર, ભાગાકાર, ગુજરાતી બારાખડી, ચિત્રવાર્તા, નિબંધ, હિન્દી બારાખડી, વિજ્ઞાન જેવા વિષયોનું ભણતર ભણાવવામાં આવે છે. બાળકોને આપેલ ગૃહકાર્ય બીજા દિવસે બાળકોએ જે તે શિક્ષકોને ઓનલાઈન બતાવવાનું રહે છે. આ રીતે સંસ્થા તરફથી પોતાના બાળકો માટે એક સરસ લર્નિંગ પધ્ધતિ શરુ કરાઈ છે. જેનાથી બાળકોના ભણતર અને વિકાસ પર અવરોધ ન આવે. આ ઓનલાઈન લર્નિંગ પધ્ધતિમાં કુલ 300 બાળકોનો સમાવેશ થાય છે.

**પ્રોગ્રેસ રીપોર્ટ:-** સંસ્થામાં બાળકોને આખું વર્ષ ભણાવામાં આવે છે, થેરાપી આપવામાં આવે છે, પ્રવૃતિઓ કરાવવામાં આવે છે, બાળકોનું બિહેવીયર મોડીફીકેશન કરવામાં આવે છે. બાળકોના આખા વર્ષ દરમ્યાનના વિકાસને મોનેટરીંગ કરીને સંસ્થાના વટવા અને દાણીલીમડા સેન્ટરના દરેક વિભાગના બાળકોના પ્રોગ્રેસ રીપોર્ટ શિક્ષકો દવારા તૈયાર કરવામાં આવ્યા.

| મંથલી અપડેટ | **અવેરનેસ ટ્રેનિંગ:-** દાણીલીમડા વોર્ડની આંગણવાડી વર્કર બહેનો માટે અવેરનેસ ટ્રેનિંગ યોજવામાં આવી. જેમાં પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા અને તેમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ અંગેની માહિતી આંગણવાડી વર્કર બહેનોને આપવામાં આવી. આ અવેરનેસ ટ્રેનિંગનો હેતુ (એઈમ) તેઓના એરિયામાં આવેલ 0 થી 8 વર્ષના વિકલાંગ બાળકોનું લીસ્ટ બનાવી સંસ્થા દવારા ચાલતા વિવિધ પ્રોગ્રામમાં તેઓને સાંકળી તેમને મળતી વિવિધ સાધન-સહાય અપાવવાનો હતો. કુલ 25 વર્કર બહેનો આ પ્રોગ્રામમાં જોડાયા હતા. આ ટ્રેનિંગ ઉપયોગી સાબિત થઈ છે કારણ કે આ મહિનામાં આંગણવાડી કાર્યકરો 6 વિકલાંગ બાળકોને ઓળખવામાં સક્ષમ રહ્યા અને તેમને પ્રભાત સંસ્થાનો રેફરન્સ આપ્યો હતો. તેઓને અર્લી ઇન્ટરવેન્શન (EI) વિભાગમાં એડમિસન લેવામાં આવ્યું, કારણ કે તેઓ 0-8 વર્ષની ઉંમરના છે.<br>**સહાયક સેવાઓ:-** સંસ્થા દ્વારા દર મહિને સરકારી સાધન-સહાયના વિશિષ્ટ લાભ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને વિનામૂલ્યે આપવામાં આવે છે. જેની વિગત નીચે આપેલ છે.<br>એસ.ટી. પાસ- 27 — U.D.I.D કાર્ડ- 32 — સાધન સહાય- 05<br>M.R કીટ- 12 — હીયરીંગ એડ્સ- 07 — રેશનકાર્ડ- 02 પરિવાર<br>સંત-સૂરદાસ યોજના- 05 |
|---|---|

https://gocrowdera.com/IN/regorg/prabhateducation/Prabhat-35325

## શ્રદ્ધાંજલિ



સંસ્થાના એક સ્ટુડન્ટ હર્ષ વિશ્વકર્મા તા. 06/05/2021ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા હર્ષની આત્માને શાંતિ આપે અને પરિવારજનોને આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી ભગવાનને પ્રાર્થના!




સમરકીટનું વિતરણ



ફૂડકીટનું વિતરણ



C.R.C. દ્વારા મુલાકાત



N.I.D. સ્ટુડન્ટની ટોયલેટ ડિઝાઈન

**Address:** A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar, Ahmedabad.

PRABHAT EDUCATION FOUNDATION

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:**prabhat@prabhateducationfoundation.org
**Website:**www.prabhateducationfoundation.or